# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-07-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## અમિત શાહ-ગુજરાત -:

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારિતા મંત્રાલયના ચાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આણંદમાં અમૂલ અને NDDBના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું. શ્રી શાહે જણાવ્યું સહકારી સમિતિઓનું દેશના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન છે.

તેમણે ઉમેર્યું કે બે લાખ નવી પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, સહકાર વિશ્વવિદ્યાલય, અનાજના ઉત્પાદન અને વેચાણ સાથે સંબંધિત ત્રણ સહકારી મંડળી અને ડેરી સાથે જોડાયેલી ત્રણ સહકારી મંડળી આ તમામ એક સાથે મળીને દેશના સહકારિતા આંદોલનને વધુ મજબૂત બનાવશે. શ્રી શાહે શ્યામપ્રસાદ મુખર્જીની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે શ્યામપ્રસાદ મુખર્જી ના હોત તો કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો ન હોત.

---------------------------------------------------------------------------------------------------

## સુગર બૉર્ડ:

**શાળાના બાળકોમાં ખાંડના સેવનમાં ઘટાડો કરવા શાળાઓમાં યોગ્ય જગ્યાએ “સુગર બૉર્ડ” લગાવવામાં આવશે. ખાંડનું વધુ પડતું સેવન બાળકોના આરોગ્ય અને શિક્ષણને લાંબા સમયે અસર કરે છે. તેને ધ્યાને લઈ શાળાકક્ષાએ ‘સુગર બોર્ડ’ લગાવવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હોવાનું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.**

**સુગર બૉર્ડમાં વધુ પડતા ખાંડના સેવનના જોખમ અંગેની માહિતી અપાશે. બૉર્ડમાં દૈનિક ખાંડનું સેવન, ખોરાકમાં ખાંડનું પ્રમાણ, બિનઆરોગ્યપ્રદ ખોરાક જેમ કે, જંક ફૂડ, ઠંડા**

પીણાં, વગેરેની નોંધ રાખવામાં આવશે. ઉપરાંત વધુ પડતા ખાંડના સેવન સાથે સંકળાયેલા જોખમ અને આરોગ્યપ્રદ આહાર જેવી જરૂરી માહિતી શાળાકક્ષાએથી વિદ્યાર્થીઓને પ્રદાન કરવાની રહેશે.

---

## શ્યામ પ્રસાદ મુખરજી-પુષ્પાંજલિ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ સ્વાતંત્ર્યસેનાની સ્વર્ગસ્થ શ્યામાપ્રસાદ મુખરજીની જન્મજયંતી નિમિતે શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે.

વિધાનસભા પોડિયમમાં સદ્દગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સ્વર્ગસ્થ મુખરજી કાશ્મીરના મુદ્દે ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા અને દેશમાં એક વિધાન-એક નિશાન-એક પ્રધાન સિદ્ધાંતના શિલ્પકાર પણ હતા.

---

## સેવાકાર્યો-ભુજ:

શ્યામા પ્રસાદ મુખર્જીની આજે ૧૨૪ મી જન્મ જયંતી એ ભુજ ખાતે આજે સત્યમ સંસ્થા દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઝુપડપટ્ટી વિસ્તારોમાં બાળકોને અલ્પાહાર, જરૂરિયાતમંદ છાત્રોને નોટબુકો અને બોલપેનનું વિતરણ કરાયુ હતું.

---

## વરસાદ:

હાલ રાજ્યમાં સાર્વત્રિક વરસાદ પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 7 દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા 24 કલાકમાં

**રાજ્યના 204 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ તાપી જીલ્લાના ડોણવણમાં સાડા પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે.**

**દરમ્યાન કચ્છમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. આજે સવારે વાગડથી માંડવી સુધી વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે. રાપર તેમજ ભચાઉ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ છે.**

**જીલ્લા કંન્ટ્રોલ રૂમ પાસેથી મળતી માહિતી મુજબ આજે સવારે 6 વાગ્યા થી સાંજના 6 વાગ્યા દરમ્યાન રાપર 18 મિલિમીટર, ભચાઉ 13, ભુજ 8, ગાંધીધામ 5 અને અંજારમાં 2 મિલિમીટર વરસાદ નોંધાયો છે.**

---

## મોહરમ પર્વ:

કરબલાનાં રણમાં શહાદત વહોરનારા શહીદોની સ્મૃતિમાં આજે માતમનું પર્વ મોહરમ ગંભીરતા પૂર્વક મનાવવામાં આવી રહ્યું છે. ભુજ, અંજાર, માંડવી સહિત નગરો અને ગામોમાંમાં નાના મોટાં તાજીયા જુલુસ નીકળ્યા હતા. કલાત્મક તાજીયા શહેરના માર્ગો પર જોવા મળ્યા હતા.

---

## ડગાળા શાળા-નુતન ભવન લોકાર્પણ:

ભુજ તાલુકાના ડગાળા સરકારી માધ્યમિક શાળાનાં ૨૩૭.૭૦ લાખના ખર્ચે નવનિર્મિત મકાન અને કોમ્પ્યુટર લેબનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા, અંજાર મતવિસ્તારના ધારાસભ્ય ત્રિકમ છાંગા, કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ મહેમાનો દ્વારા શુભેચ્છા અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળાની ધોરણ નવ ની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રસંગે બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

---

# અદાણી ફાઉન્ડેશન-દિવ્યાંગો-પરીક્ષાલક્ષી કીટ:

અદાણી ફાઉન્ડેશન, મુન્દ્રા દ્વારા દિવ્યાંગોની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા અને તેમને સ્વમાનભેર રોજગારીની તકો પૂરી પાડવા માટે ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, ભુજ ખાતે દિવ્યાંગો માટે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી કીટ સહયોગ અને માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના 62 દિવ્યાંગોએ ભાગ લઈ, સરકારી નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે જરૂરી સાહિત્ય મેળવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગો માટે વિવિધ વિભાગોમાં ખાસ ભરતીની તકો ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. દિવ્યાંગોને પરીક્ષામાં ઉચ્ચ પરિણામ મેળવવા માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---